RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 69* Date: 04.01.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના મહામારીની વિરુદ્ધ ચાલી રહેલ લડાઇમાં દેશને મળી મોટી સફળતા

## DCGIએ ભારતમાં કોવિશીલ્ડ અને કોવેક્સિનની રસીને મંજૂરી આપી




### સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવીશિલ્ડ તેમજ ભારત બાયોટેકની કોવેક્સિનને ઈમર્જન્સી યુઝ માટે DCGIની મંજૂરી

*ન્યુ દિલ્હી,તા.૩*

કોરોના વાયરસ મહામારીની વિરૂદ્ધ ચાલી રહેલી લડાઈમાં આજે દેશને સૌથી મોટી ખુશખબરી મળી છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ એક સાથે બે વેક્સીન કોવિશીલ્ડ અને કોવેક્સીનને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ આ અંગે ટ્વીટ કરીને દેશને અભિનંદન પાઠવ્યા છે. તેની સાથે જ ડીસીજીઆઈએ કોરોના વેક્સીન સાથે જોડાયેલી અફવાઓ પર પણ વિરામ મૂકી દીધો છે.

ડીસીજીઆઈના નિર્દેશક વીજી સોમાનીએ કહ્યું કે જો સુરક્ષાની થોડીક પણ આશંકા હોત તો અમે એવી કોઈપણ વસ્તુને મંજૂરી ના આપી હોત. આ વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે. નજીવો તાવ, દુઃખાવો અને એલર્જી જેવા કેટલીક અસર દરેક વેક્સીન માટે સામાન્ય છે. વેક્સીનથી લોકો નપુસંક થઈ શકે છે એ દાવો સંપૂર્ણપણે બકવાસ છે.

સીરમ ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયા, પૂણેના સીઈઓ અદાર પૂનાવાલા એ પણ આ અંગે ટ્વીટ કરીને માહિતી આપી. તેમણે ટ્વિટ કરી- બધાને નવું વર્ષ મુબારક. કોવિશીલ્ડ, ભારતની પહેલી કોવિડ-૧૯ વેક્સીનને મંજૂરી મળી ગઈ છે. સુરક્ષિત અને પ્રભાવી આ વેક્સીન આવનાર સપ્તાહમાં રોલ-આઉટ માટે તૈયાર છીએ. કોવિશીલ્ડ અને કોવેક્સીનના બે ડોઝ લેવા પડશે. જ્યારે કેડિલાની રસીના ત્રણ ડોઝ લેવા પડશે તેમ ડીસીજીઆઈએ જણાવ્યું.

સમાજવાદી પાર્ટીના એમએલસી આશુતોષ સિન્હા એ કહ્યું હતું કે તેઓ (અખિલેશ યાદવ) રસી નથી મૂકાવી રહ્યા તો અમને લાગે છે કે કયાંક ને કયાંક આ વેક્સીનમાં કંઈક એવી વસ્તુ હશે અને નુકસાન થઈ જાય. મને લાગે છે કે બાદમાં લોકો કહી દે કે વસતી ઓછી કરવા માટે, મારવા માટે લગાવી દીધી વેક્સીન. તમને નપુંસક બનાવી દે, કંઈ પણ થઈ શકે છે.

એસપી ચીફ અને યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યું કે હાલ હું રસી મૂકાવી રહ્યો નથી. હું ભાજપની રસી પર કેવી રીતે વિશ્વાસ કરી શકું. જ્યારે અમારી સરકાર બનશે તો બધાને ફ્રીમાં રસી અપાશે. અમે ભાજપની રસી મૂકાવી શકીએ નહીં. જો કે બાદમાં અખિલેશ યાદવે તેને લઈ સ્પષ્ટતા કરી દીધી. તાવ અને ધ્રુજારી વેક્સીનની સૌથી સામાન્ય આડઅસર છે. આ સિવાય કેટલીય વેક્સીનથી લોકોને માથાનો દુઃખાવો થવાની ફરિયાદ પણ થતી હોય છે. આંકડા બતાવે છે કે વેક્સીન લેનાર અડધા લોકોને નજીવું માથું દુઃખે છે. વેક્સીનની આપણા પાચન તંત્ર પર થોડીક અસર થઈ શકે છે. ચક્કર આવવા, ઉલટી થવી, થાક લાગવા જેવી ફરિયાદ પણ રસી બાદ થાય છે. જો કે ડીસીજીઆઈનું કહેવું છે આ પ્રકારની આડઅસર વેક્સીન લગાવવા પર સામાન્ય હોય છે. એવામાં ગભરાવાની જરૂર નથી. બંને વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે.

## કોરોના વચ્ચે નવુ જોખમ: રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હિમાચલમાં ૧૦૦૦ પક્ષીઓના મોત



શિમલા,તા.૩

સમગ્ર દુનિયામાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો પ્રકોપ ચાલુ છે. દેશમાં કોરોના સંકટ વચ્ચે બર્ડ ફ્લુના નવા જોખમે દસ્તક આપી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હવે હિમાચલમાં ૧૦૦૦થી વધારે પક્ષીઓના મોત નીપજયા છે. ચિંતાની વાત એ છે કે આ હવે વધુ ઝડપથી ફેલાવવા લાગ્યુ છે. મૃત પક્ષીઓના સેમ્પલ લઈને મધ્યપ્રદેશના ભોપાલની એક પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે.

રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં બર્ડ ફ્લુની પુષ્ટિ બાદ શનિવારે પહેલીવાર કોટા અને પાલીમાં પણ કાગડાના મોત નીપજયા છે. હવે આ પાંચ જિલ્લામાં ફેલાઈ ચૂક્યુ છે. શનિવારે બારાંમાં ૧૯, ઝાલાવાડમાં ૧૫ અને કોટાના રામગંજમંડીમાં વધુ ૨૨ કાગડાના મોત નીપજ્યા છે. કોટા સંભાગના આ ત્રણ જિલ્લામાં અત્યાર સુધી ૧૭૭ કાગડાના મોત નીપજયા છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં પણ વધુ ૧૩ કાગડાના મોત નીપજ્યા છે.

જોખમની ચપેટમાં આવેલા પ્રવાસી પક્ષી રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હિમાચલ પ્રદેશના પાગ ડેમ અભયારણ્યમાં એક અઠવાડિયામાં ૧,૦૦૦થી વધારે પ્રવાસી પક્ષી મૃત મળ્યા છે. પોંગ ડેમ અભયારણ્યમાં દર વર્ષે ઓક્ટોબરથી માર્ચ સુધી રશિયા, સાઈબીરિયા, મધ્ય એશિયા, ચીન, તિબ્બત વગેરે દેશોમાંથી વિભિન્ન પ્રજાતિઓના રંગબેરંગી પક્ષી લાંબી ઉડાન ભરીને અહીં પહોંચે છે અને પર્યટકોને આકર્ષિત કરે છે. હવે આ પક્ષીઓના અચાનક મોત નીપજી રહ્યા છે. વન્યપ્રાણી વિભાગે બર્ડ ફલુની આશંકાના કારણે કલેક્ટર કાંગરાને અવગત કરવા સરોવરમાં તમામ પ્રકારની ગતિવિધિઓ પર રોક લગાવી દીધી છે.

લોકોમાં દહેશતબારાં જિલ્લામાં એક કિંગ ફિશર અને મેગપાઈનુ પણ મોત થયુ છે. આ સિવાય પાલીના સુમેરપુરમાં પણ અલગ-અલગ જગ્યાએ આઠ કાગડા મૃત મળ્યા. જોધપુરમાં શનિવારે કોઈ મૃત્યુ થયુ નથી પરંતુ અહીં અત્યાર સુધી સર્વાધિક ૧૫૨ કાગડાના મોત થયા છે. કોટા સંભાગમાં બર્ડ ફ્લુના કારણે લોકોમાં દહેશત છે. ઝાલાવાડને છોડીને બાકી જગ્યાના સેમ્પલ આવ્યા નથી, પરંતુ મોતની સંખ્યાને જોતા ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડને એલર્ટ જારી કર્યુ છે. ઝાલાવાડમાં કંટ્રોલ રૂમ બનાવાયો છે. બાકી જગ્યાઓ પર પણ તત્પરતાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ૪૦ લોકો દબાયા હોવાની આશંકા, રેસ્ક્યુ ઓપરેશન ચાલુ

## ગાઝિયાબાદમાં સ્મશાન ઘાટની છત પડતાં ભયંકર દુર્ઘટના: ૧૮ લોકોના મોત

ગાઝિયાબાદ,તા.૩

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. ગાઝિયાબાદના એક સ્મશાનમાં છત પડી જતાં લગભગ ૪૦ લોકો દબાયા હોવાની માહિતી મળી રહી છે. જ્યારે ૧૮ લોકોના મોત થયા છે અને ઘણા લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે.

ગાઝિયાબાદના મુરાદનગર વિસ્તારમાં આવેલા સ્મશાન ઘાટની છત પડતાં અનેક લોકો દબાયા હતા. ઘટનાની જાણ થતાં ગાઝિયાબાદ પોલીસ અને રેસ્કયૂ ઓપરેશન ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આજે સવારે દિલ્હી એનસીઆરમાં વરસાદ પડી રહ્યો હતો. ત્યારે મુરાદનગર સ્થિત સ્મશાનમાં કેટલાક લોકો એક વ્યક્તિના અંતિમ સંસ્કાર કરવા માટે આવ્યા હતા. વરસાદને કારણે કેટલાક લોકો છત નીચે ઉભા હતા, આ દરમિયાન છત પડી હતી. જેમાં લગભગ ૪૦ લોકો દબાઈ ગયા હોવાનું કહેવાય છે. જ્યારે ૧૮ લોકોના મોતનાં સમાચાર મળી રહ્યાં છે. ઉપરાંત ૧૫ લોકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા છે.

ધરાશાયી લેન્ટર મોટું હોવાને લીધે રેસ્ક્યૂ ઓપરેશન માટે ક્રેન બોલાવવામાં આવી છે. જ્યારે વરસાદને કારણે પણ રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી રહી છે. હાલ પોલીસ અને એનડીઆરએફની ટીમ દ્વારા બચાવ કામગીરી ચાલુ છે.

વળી, આ દૂર્ઘટના પર સીએમ યોગી આદિત્યનાથે સંજ્ઞાન લીધુ છે. સીએમ કાર્યાલય તરફથી કહેવામાં આવ્યુ ગાઝિયાબાદના મુરાદનગરમાં છત પડવાની ઘટનાનુ સંજ્ઞાન લેતા જિલ્લાધિકારી તથા વરિષ્ઠ પોલીસ અધિક્ષકને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને રાહત તથા બચાવ કાર્ય શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. સીએમે કહ્યું ઘટનાથી પ્રભાવિત દરેક વ્યક્તિઓને દરેક સંભવ મદદ પહોંચાડવામાં આવશે, તથા દૂર્ઘટનામાં ઘાયલ લોકોની યોગ્ય સારવાર કરવામાં આવશે.

### વડાપ્રધાન મોદીનું નિવેદન

## કોરોના વેક્સીનને મંજૂરી ગર્વની વાત,વૈજ્ઞાનિકોએ દર્શાવ્યો આત્મનિર્ભર ભારતનો જુસ્સો



ન્યુ દિલ્હી,તા.૩

કોવિડ ૧૯ માટેની બે રસીના ઈમર્જન્સી યુઝને મંજૂરી મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. પીએમએ ટ્વીટ કરીને કહ્યું કે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની વેક્સિનને ડીસીજીઆઈએ મંજૂરી આપ્યા બાદ કોરોના મુક્ત રાષ્ટ્ર બનવાનો રસ્તો સાફ થયો છે.

વડાપ્રધાને ટ્વીટ કરીને દેશવાસીઓને બે રસીની મંજૂરી મળવા બદલ શુભકામના પાઠવી હતી. અન્ય ટ્વીટમાં પીએમએ જણાવ્યું કે, આ જાણીને દરેક ભારતીયને ગર્વ થશે કે જે બે રસીને ઈમર્જન્સી યુઝ માટેની મંજૂરી મળી છે તે બન્ને ભારતમાં બની છે. આ બાબત આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટે આપણા વિજ્ઞાનીઓની ઉત્સુક્તા દર્શાવે છે જેમના મૂળમાં કરૂણા અને સેવા છે.

### ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા આજે ગુજરાત આવશે

ગાંધીનગર,તા.૩

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રમુખ જેપી નડ્ડા સોમવારે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ ગાંધીનગરના ઉવારસદ ગામે આયોજિત સંઘની સમન્વય સભામાં હાજરી આપશે. આ બેઠકમાં હાજરી આપવા માટે સંઘ પ્રમુખ મોહન ભાગવત શનિવારે ગુજરાત આવી પહોંચ્યા હતા. આ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષ પણ આ બેઠકમાં સામેલ થશે. ગાંધીનગરના ઉવારસદમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની બેઠક પાંચથી સાત જાન્યુઆરી સુધી સમન્વય બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. જ

## પાકિસ્તાની પોલીસની ક્રૂરતા, કાર ન રોકવા બદલ ૨૧ વર્ષના યુવકને ૨૨ ગોળી મારી

ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાની સેના જ નહીં, ત્યાંની પોલીસ પણ તેમના લોકો પર અત્યાચારના નવા રેકોર્ડ બનાવી રહી છે. શનિવારે કાર ન રોકવા બદલ પોલીસે ૨૧ વર્ષના યુવક પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ હોસ્પિટલ પહોંચતા પહેલા યુવકનું મોત નીપજ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે પોલીસે યુવક પર કુલ ૨૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

પાકિસ્તાની મીડિયા અનુસાર શનિવારે બપોરે ૨ વાગ્યે ઈસ્લામાબાદમાં આ ઘટના બની હતી. ઉસામા સત્તી કારમાં ચલાવીને જતો હતો. પોલીસના કહેવા પર કાર ન રોકતા પોલીસ જવાનોએ તેની ઉપર ઘાતક હથિયારોથી ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ દરમિયાન યુવકના શરીરમાં ૧૭ ગોળી વાગતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પીડિતના પિતાએ પોલીસના હાથે હત્યા કરાયેલા પુત્ર માટે ન્યાય માટે વડાપ્રધાન ઈમરાન ખાનને અપીલ કરી છે. આ ઘટના અંગે પીડિતના પિતાએ જણાવ્યું હતું કે પોલીસ અધિકારી (એસએસઓ) એ પોતે સ્વીકાર્યું હતું કે ઉસામા નિર્દોષ હતો. જોકે પાછળથી પોલીસે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

આ મામલે સોશિયલ મીડિયા પર પોલીસ સામે ભારે રોષ જોવા મળ્યો હતો. જેના પગલે આ મામલે ગુનામાં સંડોવાયેલા પાંચ પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૭૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૪૭૨૨૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૩૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૩૬૬૦**

### રાજકોટમાં પ્રથમ કેસ

## નિખિલ દોંગાના ૪ સાગરિકો વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટનો ગુનો દાખલ

રાજકોટ,તા.૩

રાજ્ય સરકારે તાજેતરમાં ગેરકાયદેસર જમીન પચાવી પડનારાઓ સામે સખ્તાઈથી કાર્યવાહી કરવા લેન્ડ ગ્રેબિંગ કાયદો બહાર પાડ્યો છે. આ કાયદો બહાર પડતાના થોડા દિવસોની અંદર રાજકોટમાં પ્રથમ કેસ નોંધાયો છે. ત્યારે હવે આ મામલે રાજકોટ એસપી બલરામ મીણાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.

રાજયમાં ભૂમાફિયાઓની હવે ખેર નથી. જો હવે કોઈની પણ જમીન પચાવી તો જેલના સળિયા ગણવા માટે તૈયાર રહેવું પડશે. ગરીબ અને સામાન્ય ખેડૂતોની જમીન હડફી લેતા માફિયાઓ પર લગામ લગાવવા માટે રાજયની રૂપાણી સરકારે એક મોટો નિર્ણય કર્યો હતો. એવો કાયદો રાજયમાં તૈયાર થયો છે જેનાથી કોઈ પણ ગરીબ અન્નદાતા પોતાની જમીન વગર નોંધારો નહીં બને. ત્યારે હવે રાજકોટમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટને અંતર્ગત પ્રથમ ફરિયાદ નોંધવામાં આવી છે. ૪ શખ્સો સામે રાજકોટ ગ્રામ્યમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ અંગે રાજકોટ એસપી બલરામ મીણાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ પહેલો ગુનો દાખલ કરાયો છે. ૪ આરોપીઓ સામે ગુનો દાખલ કરાયો છે. ગજેન્દ્ર સાંગાણીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ ૨૦૦૧માં ૪૦ વિઘા જમીન વેચવા કાઢી હતી. ૨૦૦૪ સુધી આરોપીઓએ જમીનના નાણાં ન આપ્યા. આરોપીઓએ જમીન પડાવવા પ્રયાસ કર્યા. ૩ ભાઈઓ સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરાયો છે. રમેશ, કમલેશ અને નરેશ સિંધવ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તો ગોંડલ ન.પાના કોન્ટ્રાક્ટર કર્મી ધીરુ ગમારા સામે પણ ગુનો નોંધાયો છે.

SPએ વધુમાં જણાવ્યું હતું કે, જેતપુર એએસપી ફરિયાદ અંગે તપાસ કરશે. આરોપી નરેશ સિંધવ નિખિલ દોંગાનો સાગરીત છે. નરેશ સિંધવ ગુજકટોકના ગુનામાં હાલ જેલમાં છે. આરોપી કમલેશ સિંધવ અને નરેશ સિંધવ જેલમાં છે. રમેશ સિંધવ, ધીરુભાઈ ગમારા પોલીસના સકંજામાં છે.

ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે જ જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટના અમલીકરણને લઈને બેઠક મળી હતી. આ બેઠક કલેકટરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ૯ જેટલી આવેલ અરજીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ અરજીઓને સંબંધિત તપાસ અધિકારીઓને ફોરવર્ડ કરી દેવામાં આવી હતી.

## આજે વડાપ્રધાન મોદી ૪ જાન્યુઆરીએ રાષ્ટ્રીય મેટ્રોલોજી પરિસંવાદમાં સંબોધન કરશે

ન્યુ દિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ જાન્યુઆરીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાષ્ટ્રીય મેટ્રોલોજી પરિસંવાદના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરશે. રાષ્ટ્રીય મેટ્રોલોજી કોનક્લેવ ૨૦૨૦ નું આયોજન કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ, ઔદ્યોગિક સંશોધન-રાષ્ટ્રીય શારીરિક પ્રયોગશાળા (સીએસઆઈઆર-એનપીએલ), નવી દિલ્હી દ્વારા કરવામાં આવ્યું છે, જે તેની સ્થાપનાના ૭૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, મોદી રાષ્ટ્રીય અણુ ટાઈમસ્કેલ, અને 'ભારતીય નિર્દેશક દ્રવ્ય' ને રાષ્ટ્રને સમર્પિત કરશે અને 'રાષ્ટ્રીય પર્યાવરણીય માપદંડ લેબોરેટરી'ની આધારશિલા રોપશે. આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન ડૉ.હર્ષવર્ધન પણ ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય અણુ ટાઈમસ્કેલ ૨.૮ નેનો સેકન્ડની ચોકસાઈ સાથે ભારતીય માનક સમય ઉત્પન્ન કરે છે.

## તંત્રી સ્થાનેથી...

### શરદી થવા પર અજમાવો આ ૬ જબરદસ્ત ઉપાય, તુરંત ખુલી જશે બંધ થયેલું નાક

શિયાળાના મોસમમાં ઘણા લોકો શરદીની ચપેટમાં આવી જાય છે. શરદી થવાથી નાક બંધ થઇ જાય છે અને ઘણી વાર શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે. આટલું જ નહીં શરદી ઉધરસ થવા પર ખૂબ જ તાવ પણ આવી જાય છે. જો તમે પણ શિયાળામાં શરદીની ચપેટમાં આવી જાવ છો. તો નીચે બતાવેલા ઉપાય કરો. આ ઉપાયો કરવાથી શરદી જુકામ થી આઝાદી મળી જાય છે અને નાક એકદમ ખુલી જાય છે.

**હળદરવાળું દૂધ પીવું**

હળદર ખાવાથી શરીરમાં ગરમાહટ મળે છે અને શરદી સારી થઈ જાય છે. શરદી થવા પર તમે એક ગ્લાસ દૂધ ગરમ કરી લો અને તેમાં હળદર મેળવી લો. આ દૂધ દિવસમાં બે વખત પીવો. હળદરવાળું દૂધ પીવાથી નાક એકદમ ખુલી જાય છે અને શરદી છૂટી પડે છે. જો તમે ઇચ્છો તો આ દૂધની અંદર એલચી અને મરી પાવડર પણ નાખી શકો છો. એલચી અને મરી પાવડર વાળું દૂધ ઉધરસ અને ગળાના દુખાવામાં રાહત આપે છે.

**આ મસાલાને સૂંઘો**

શરદી થવા પર તજ, મરી, ઈલાયચી અને જીરું બરાબર માત્રામાં લઇને શેકી લો. આ પછી અને એક કપડાંમાં બાંધી લો. આ કપડાંને સમય સમય પર સૂંઘતા રહો. આ મસાલા સૂંઘવાથી બંધ નાક ખુલી જાય છે અને છીંક આવવાનું બંધ થઈ જાય છે.

**આદુ**

આદુ ખાવાથી નાક એકદમ ખુલી જાય છે અને ગળાને પણ રાહત મળે છે. શરદી થવા પર તમે થોડુંક આદું શેકીલો અને પછી ચાવી ચાવીને ખાઈ લો. આમ કરવાથી શરદી દૂર થઇ જશે. આ સિવાય જે લોકોને ઉધરસની સમસ્યા છે એ લોકો આદુના રસમાં મધ ભેળવી તેનું મિશ્રણ પી લેવું. આ મિશ્રણ પીવાથી ઉધરસ દુર થઇ જશે.

**કાવો પીવો**

શરદી, ઉધરસ અને ગળું ખરાબ થવા પર કાવો પીવો ખૂબ લાભકારી હોઈ છે. કાવો પીવાથી લોકોને બીમારીઓમાં આરામ મળી જાય છે. કાવો બનાવવા માટે તુલસીના પત્તાને સાફ કરીને ચા વાળા પાણીમાં નાખી લો. આ પછી એમાં લવિંગ, આદુ, અને મરી પણ નાખી લો. ચાને ઉકાળી લો અમે જ્યારે ચા ઉકળી જાય ત્યારે ગેસ બંધ કરીને ગાળી લો. દિવસમાં ૩ વાર આ કાવો પીવાથી શરદી, ઉધરસ અને ગળાના દુખાવામાં રાહત મળે છે.

**તુલસીના પાન ચાવો**

તુલસીના પાનમાં ઔષધિઓ ગુણ હોય છે અને એને ચાવીને ખાવાથી શરદી સારી થઈ જાય છે. એટલે શરદી થવા પર તુલસીના પાન સમય સમય પર ચાવ્યા કરો. આ સિવાય તુલસી અને વાસના પાનનો કાવો પીવાથી ઉધરસ થી આરામ મળી જાય છે અને ઉધરસ દૂર થાય છે.

**નવશેકું પાણી પીવો**

શરદી થવા પર નવશેકા પાણીમાં આદુનો રસ ભેળવીને પીઓ. આ પાણી પીવાથી આરામ મળે છે અને શરદીની તકલીફથી રાહત મળે છે. તમે પાણીની અંદર મધ પણ ભેળવી શકો છો.



લોકો શિયર્કેના બ્રોકન પર્વત પર બરફથી ઢંકાયેલ સાઇનપોસ્ટ પર પસાઈથી જતા જોવા મળે છે.



સેવકો (સ્વયંસેવકો) અમૃતસરમાં શિયાળાની ધુમ્મસવાળી સવારે સુવર્ણ મંદિરમાં પવિત્ર તળાવ સાફ કરે છે.

# યુપી-હરિયાણામાં હવામાન વિભાગે આપ્યું એલર્ટ
# દિલ્હી-એનસીઆરમાં વરસાદથી ઠંડીમાં વધારો: ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં બરફવર્ષા

(ન્યુ દિલ્હી,તા.૩

ઉત્તર ભારતમાં સતત શીત લહેર વચ્ચે દેશના મોટાભાગના વિસ્તારોમાં હળવા વરસાદ અને હિમવર્ષા નોંધવામાં આવી છે. પાટનગર દિલ્હી (દિલ્હી વરસાદ) માં પણ વહેલી સવારે (રવિવારે) વરસાદ થયો હતો, જેના કારણે ઠંડી વધી ગઈ હતી. દિલ્હીના ઘણા ભાગોમાં શનિવારે સવારે હળવા વરસાદ થયો હતો જ્યારે વાદળછાયું હોવાના કારણે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું હતું. તે જ સમયે, હિમાચલ પ્રદેશના કેલોંગમાં તાપમાન શૂન્યથી ૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું. ભારત હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા આ માહિતી આપવામાં આવી છે. રાજધાની દિલ્હીના સફદરજંગમાં ×મધ્યમ× સ્તરના ધુમ્મસને કારણે દૃશ્યતા ૨૦૧ મીટર નીચે આવી ગઈ છે. આઈએમડીના એક અધિકારીએ કહ્યું, અમારી આગાહી મુજબ પશ્ચિમ વિક્ષેપની અસર દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં શરૂ થઈ છે. પાલમમાં ૦.૪ મીમી વરસાદ નોંધાયો છે. રિજ, આયાનગર અને લોધી રોડમાં ઝરમર વરસાદ પડ્યો છે. ×પશ્ચિમી ખલેલની અસરને કારણે, આગામી બે-ત્રણ દિવસમાં દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.

દરમિયાન હવામાન વિભાગે મંગળવારે હિમાચલ પ્રદેશમાં ભારે બરફવર્ષા માટે હવામાનનો 'યલો એલર્ટ' જારી કર્યો છે. સિમલાના હવામાન કેન્દ્રમાં રાજ્યના મેદાનોમાં ૩ થી ૫ જાન્યુઆરી અને ૮ મી જાન્યુઆરી દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે મધ્યમ અને ઊંચા પર્વત વિસ્તારોમાં વરસાદ અને બરફવર્ષા. સાથે જ હવામાન વિભાગે પાંચ જાન્યુઆરી માટે મધ્યમ અને ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે બરફવર્ષાને લઈને યલો એલર્ટ આપ્યું છે, જ્યારે મેથી અને ૩ થી ૫ જાન્યુઆરી વચ્ચે મેદાની અને નીચલા પર્વત વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી આપી છે.

નોંધનીય છે કે હવામાનની તીવ્રતા અનુસાર, રંગો દ્વારા ચેતવણી આપવામાં આવે છે, જેમાં 'પીળો' ઓછામાં ઓછું જોખમી વર્ગમાં આવે છે. સિમલાના હવામાન વિભાગના નિયામક મનમોહનસિંહે જણાવ્યું હતું કે રાજ્યના ઉચ્ચ વિસ્તારના કેટલાક ભાગોમાં હળવા બરફવર્ષાની નોંધ નોંધાઈ છે, જ્યારે કેટલાક ભાગોમાં હળવા વરસાદ પણ થયો છે. તેમણે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં છથી સાત ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. સિંહે જણાવ્યું હતું કે મનાલી, કુફરી અને ડાલહૌસીમાં મહત્તમ તાપમાન અનુક્રમે ૧.૪, ૨.૬ અને ૪.૧ ડિગ્રી નોંધાયું હતું.

બીજી તરફ, ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારો છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે ઠંડી અને ઠંડીની લપેટમાં છે. ઝોનલ હવામાન સેન્ટરના અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના જુદા જુદા વિસ્તારોમાં ભારે શીત લહેર જોવા મળી હતી અને ઘણા વિસ્તારો ગાઢ ધુમ્મસના પ્રભાવ હેઠળ રહ્યા હતા. રાજ્યની રાજધાની લખનૌમાં લઘુત્તમ તાપમાન ૬.૮ ડિગ્રી અને અલ્હાબાદમાં લઘુત્તમ તાપમાન ૯.૦ ડિગ્રી નોંધાયું હતું. આ સિવાય સુલતાનપુરમાં ૫.૨, બંદામાં ૫.૦, બારાબંકીમાં ૪.૦ અને મુઝફ્ફરનગરમાં ૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## નાઈજિરિયાના માલીમાં મોટો આતંકી હુમલો, ૭૦ના મોત નીપજ્યા

અબુજા,તા.૩

આફ્રિકી દેશ નાઈજિરિયામાં થયેલા એક આતંકવાદી હુમલામાં ૭૦થી વધારે લોકોના મૃત્યુ થયાના સમાચાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર આતંકવાદીઓએ માલીની સરહદે સ્થિત બે ગામડા પર હુમલો કરીને ૭૦ લોકોની હત્યા કરી દીધી. આ હુમલામાં ૨૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હિંસા વાળા વિસ્તારમાં ગૃહયુદ્ધના કારણે વર્ષ ૨૦૧૭થી જ ઈમરજન્સી લાગુ છે. આતંકવાદીઓએ અહીં બે ગામને નિશાન બનાવ્યા છે. નાઈજિરિયાની સરકાર આરોપ લગાવતી રહી છે કે માલીના સશસ્ત્ર જૂથ તેમના રાજ્યની સરહદમાં ઘૂસીને આતંકી ઘટનાને અંજામ આપે છે. આ હુમલા પર હજુ સુધી કોઈ આતંકી જૂથે સત્તાકીય નિવેદન આપ્યુ નથી. આ વિસ્તારમાં અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા કેટલાક આતંકી સંગઠન સક્રિય છે. નાઈજિરિયામાં ૨૭ ડિસેમ્બરે બોરનો પ્રાંતમાં આતંકી સંગઠન બોકોના હુમલામાં ૧૦ના મોત થયા હતા. બોરનો પ્રાંતીય સરકાર અનુસાર હુમલાખોરોને ચાર ગામને નિશાન બનાવ્યા હતા. આતંકીઓએ સૌથી પહેલા અજારે નગરમાં હુમલો કર્યો જ્યાં સરકારી કાર્યાલયો અને પોલીસ સ્ટેશનને નિશાન બનાવવામાં આવ્યા.

## ફેઝ ૩ ટ્રાયલ વગર કેવી રીતે આપી મંજૂરીઃ શશી થરૂર

ન્યુ દિલ્હી,તા.૩

ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ભારતમાં બે કોરોના વેક્સિનના ઉમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને દેશમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવવામાં આવેલી કોવીશિલ્ડ તેમજ ભારતય બાયોટેક દ્વારા તૈયાર કરાયેલી કોવેક્સિનને આપાત પરિસ્થિતિમાં વપરાશ માટે લીલી ઝંડી આપી છે. આ અંગે કોંગ્રેસ નેતા શશિ થરૂરે સવાલ ઉઠાવ્યો છે. જેના જવાબમાં ડીસીજીઆઇએ સ્પષ્ટતા કરી છે. કોંગ્રેસ નેતા શશિ થરૂરે ટ્વિટ કરતાં કહ્યુ કે, ભારય બાયોટેકની કોવેક્સીનનું ત્રીજા તબક્કાનું ટ્રાયલ હજી સુધી થયું નથી. કોવેક્સીનને સમય અગાઉ મંજૂરી આપવી ખતરનાક હોઇ શકે છે. ડો. હર્ષવર્ધન આ અંગે સ્પષ્ટ કરે. કોરોના વેક્સિનનું ટ્રાયલ પૂરું થાય ત્યાં સુધી તેના ઉપયોગથી બચવું જોઈએ. ભારતે આ દરમિયાન એસ્ટ્રાજેનેકા વેક્સિનનો ઉપયોગ કરવો જોઈએ.

## પંજાબના ખેડૂતોએ નિતિન પટેલને મોકલી લીગલ નોટિસ, માફીની કરી માંગ



ગાંધીનગર,તા.૩

કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાને લઇ ખેડૂતો ૩૮ દિવસથી દિલ્હીની બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શન કરતા ખેડૂતો વિશે મોદી સરકારના મંત્રીઓ દ્વારા અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી જેને લઇને હવે ખેડૂતોએ ત્રણ નેતાઓને લીગલ નોટિસ મોકલવામાં આવી છે. નોટિસમાં નેતાઓને માફી માંગવાનો દાવો કરવામાં આવ્યો છે અને જો માફી માંગવામાં નહી આવે તો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. ખેડૂતોએ ભાજપના નેતાઓને તેમની અપમાનજનક ટિપ્પણીઓ માટે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. જેમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ અને ભાજપના પૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવનું નામ સામેલ છે. આમ આદમી પાર્ટી ખેડૂતોને કાયદાકીય સહાયતા અને સલાહ ઉપલબ્ધ કરાવી રહી છે. આ જાણકારી આપના રાષ્ટ્રીય પ્રવક્તા અને પંજાબના સહ-પ્રભારી રાઘવ ચઢાએ પત્રકાર પરિષદ કરીને આપી હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે ૧૭ ડિસેમ્બરે કહ્યુ હતું કે, "ખેડૂતોના નામ પર આ આંદોલનમાં દેશ-વિરોધી, આતંકવાદી, ખાલિસ્તાની, કોમ્યુનિસ્ટ અને ચીન સમર્થક લોકો સામેલ થઇ ગયા છે. અમે જોઇ શકીએ છીએ કે ત્યા પિત્ઝા અને પકોડા ખાવામાં આવી રહ્યા છે અને આ બધુ ત્યા મફત મળી રહ્યુ છે. દેશ વિરોધી તાકાતો તેમણે પ્રદર્શન કરવા માટે લાખો રૂપિયા આપી રહી છે. નિતિન પટેલના આ નિવેદનથી નારાજ થયેલા જાલંધરના ખેડૂત રમણીક સિંહ રંધાવાએ તેમણે લીગલ નોટિસ મોકલી શરત વગર ખેડૂતોની માફી માંગવા અને ખેડૂતો વિરૂદ્ધ બોલેલા અપમાનજનક શબ્દો પરત લેવાની માંગ કરી છે. રમણીક સિંહ રંધાવા, પંજાબના જાલંધરના ખેડૂત છે અને પોતાના પિતા સાથે આશરે ૨૨ એકર જમીન પર ખેતી કરે છે. રમણીક સિંહ કડકડતી ઠંડમાં ૨૭ નવેમ્બરથી સિંધુ બોર્ડર પર પોતાના હકની લડાઇ લડી રહ્યા છે. ભાજપના ફાયર બ્રાંડ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને ૧૨ ડિસેમ્બરે ખેડૂત આંદોલન પર કરેલી ટિપ્પણી માટે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. ગિરિરાજ સિંહે કહ્યુ હતું, "ખેડૂત આંદોલનને ભટકાવવાનું કામ કરવામાં આવી રહ્યુ છે. આંદોલનમાં ખેડૂતોના હિતની વાત નથી થઇ રહી. ખેડૂત આંદોલનમાં વિદેશી તાકાતો ઘુસી રહી છે. ખાલિસ્તાન અને શરજીલ ઈમામના પોસ્ટર લગાવવામાં આવી રહ્યા છે.

## શિવરાજ કેબિનેટનું વિસ્તરણ, જ્યોતિરાદિત્ય કેમ્પના ૨ ને મંત્રીમંડળમાં સ્થાન

ભોપાલ,તા.૩

મધ્ય પ્રદેશમાં મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રવિવારે પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું હતું. મધ્ય પ્રદેશ કેબિનેટમાં આ ત્રીજું વિસ્તરણ કરાયું છે. આ વખતે વિસ્તરણમાં ભાજપના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાના બે વિશ્વાસુઓને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. સિંધિયાના નિકટના ગણાતા તુલસી સિલાવટ અને ગોવિંદ સિંહ રાજપૂતે મંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. સિંધિયાએ ટ્વીટ કરીને બન્ને મંત્રીઓને શુભેચ્છા પાઠવી હતી. જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતાના ટ્વીટમાં જણાવ્યું કે, લોકપ્રિય નેતા તુલસી સિલાવટ તેમજ ગોવિંદ સિંહ રાજપૂતને મંત્રી પદના શપથ ગ્રહણ કરવા બદલ શુભેચ્છાઓ. સીએમ શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા ફાળવવામાં આવેલી જવાબદારીને તમે સફળતાપૂર્વક નિભાવશો તેવી કામના કરું છું. મંત્રાલયના સૂત્રો મુજબ તુલસી સિલાવટને જશ સંશાધન તેમજ ગોવિંદ સિંહ રાજપૂતને પરિવહન તેમજ રેવન્યૂ વિભાગ મળવાનું નક્કી છે. મધ્ય પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલે નવા મંત્રીઓને પદ તેમજ ગોપનિયતાના શપથ ગ્રહણ લેવડાવ્યા હતા. અગાઉ ૨૩ માર્ચ ૨૦૨૦ના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે શપથ લીધા હતા ત્યારબાદ આ ત્રીજ વખત કેબિનેટ વિસ્તરણ કરાયું છે. હજુ પણ કેબિનેટમાં ચાર પદ ખાલી પડ્યા છે.

## આંધ્રપ્રદેશ સરકારે ટીડીપી નેતા અશોક ગજપતિ રાજૂને ત્રણ મંદિર ટ્રસ્ટોનાં અધ્યક્ષ પદ પરથી હટાવાયા

અમરાવતી,તા.૩

આંધ્ર પ્રદેશમાં મંદિરો પર થઇ રહેલા હુમલાને જોતા એક મહત્વનો નિર્ણય લઈને તેલુગુ દેશમ પાર્ટીનાં નેતા અશોક ગજપતિ રાજૂને રાજ્યનાં ત્રણ મંદિરોનાં અધ્યક્ષ પદેથી હટાવી દીધા છે, એક સત્તાવાર નિવેદનમાં સરકારે કહ્યું કે પુર્વ કેન્દ્રીય પ્રધાન અશોક ગજપતિને મંદિરોનાં પોતાના કર્તવ્યોનું નિર્વહન અને સુરક્ષા મુદ્દો સારી રીતે સંભાળી ન શકવાનાં કારણે તેમને હટાવવામાં આવી રહ્યા હોવાનું કારણ આપ્યું છે.

અશોક ગજપતિ રાજૂ વિજયનગરમ જિલ્લામાં શ્રી રામ સ્વામી દેવસ્થાનમમાં ભગવાન રામની મુર્તિને વિધ્વંસ થતી રોકવા માંટેનાં પગલા લેવામાં નિષ્ફળ રહ્યા છે. રાજ્યની જગન મોહન રેડ્ડીનાં નેતૃત્વમાં રાજ્ય સરકારે કહ્યું કે તે આ મામલે સાવધાનીપુર્વક તપાસ બાદ સરકારનાં ત્રણેય મદિરોનાં ટ્રસ્ટ બોર્ડનાં અધ્યક્ષ પદેથી અશોક ગજપતિ રાજૂને હટાવી દીધા, જે ત્રણ મંદિરોનાં અધ્યક્ષપદેથી રાજૂને હટાવવામાં આવ્યા છે તે છે શ્રી રામ સ્વામી દેવસ્થાનમ, શ્રી પિડિતલ્ટી અમ્માવરી દેવસ્થાનમ, અને શ્રી મંડેશ્વર સ્વામી મંદિરનો સમાવેશ થાય છે.

## કેન્દ્રીય મંત્રી સદાનંદ ગૌડાની અચાનક તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ

ન્યુ દિલ્હી,તા.૩

કેન્દ્રીય મંત્રી સદાનંદ ગૌડાની આજે ચિત્રદુર્ગ જીલ્લામાં અચાનક તબિયત લથડી હતી. જે પછી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા હતા. તેઓ રાજ્ય ભાજપની કાર્યકારી બેઠક બાદ શિમોગાથી મુસાફરી કરી રહ્યાં હતા. ડૉક્ટર્સે જણાવ્યું કે, હવે તેમની સ્થિતિ સારી છે. તેમનું સુગર લેવલ ઘટી ગયું હતું. ઉલ્લેખનીય છે કે, તેઓ થોડા સમય અગાઉ કોરોના વાઈરસથી મુક્ત થયા હતા. કેન્દ્રીય મંત્રી સદાનંદ ગૌડા કોરોના વાઈરસથી સંક્રમિત થયા હતા. તેમણે પોતે ટ્વિટર પર એક પોસ્ટ થકી માહિતી આપી હતી. આ સાથે પોતાના સંપર્કમાં આવેલા લોકોને એલર્ટ રહેવા પણ અપીલ કરી હતી. કેન્દ્રીય મંત્રી ગૌડાએ ટ્વિટ કરી હતી કે,'પ્રારંભિક લક્ષણો બાદ મે પોતાનો કોરોના ટેસ્ટ કરાવ્યો. રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ મે પોતાને આઈસોલેટ કરી લીધો છે. મારા સંપર્કમાં આવેલા લોકો એલર્ટ રહે, સુરક્ષિત રહે અને કોરોના પ્રોટોકોલ્સને ફોલો કરે.' ઉલ્લેખનીય છે કે, સદાનંદ ગૌડા મોદી સરકારમાં કેમિકલ અને ફર્ટિલાયઝર બાબતોના કેન્દ્રીય મંત્રી છે.

## મેક્સિકોમાં કોરોના રસી લીધા બાદ મહિલા ડોક્ટર આઈસીયુમાં દાખલ

મેક્સિકો,તા.૩

મેક્સિકોમાં એક ડૉકટર અમેરિકન કંપની ફાઇઝરની કોરોના વાયરસ રસી લગાવ્યા બાદ ગંભીર રીતે બીમાર પડી ગઇ અને તાત્કાલિક આઇસીયુમાં દાખલ કરવા પડ્યા છે. ડૉકટરને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી. મેક્સિકોના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે પીડિત મહિલા ડૉકટરને ઈન્સેફેલોમાયેલીટિસથી પીડિત હોવાની આશંકા છે. વેક્સીન લગાવ્યા બાદ બીમાર ડૉકટર પોતાને ખૂબ જ નબળાઇ મહેસૂસ કરી રહ્યા છે.



સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે દેશના એક ૩૨ વર્ષના મહિલા ડૉકટરે ફાઇઝરની કોરોના વાયરસ રસી લીધી હતી. તેમણે વેક્સીન લીધાના અડધા કલાકની અંદર જ શરીર પર ચક્કામા, શરીરમાં નબળાઇ અને શ્વાસ લેવામાં મુશ્કેલી બાદ આઇસીયુમાં દાખલ કરાયા છે. ડૉકટરને જ્યારે વેક્સીનનું રિએકશન આવ્યું એ સમયે તેઓ રસી મૂકનારના ઓબ્ઝર્વેશનમાં જ હતા. હવે તેમની સારવાર ચાલી રહી છે.

મંત્રાલયે કહ્યું કે ડૉકટરની હવે ઈન્સેફેલોમાયેલીટિસની સારવાર ચાલી રહી છે. તેમણે કહ્યું કે વિશેષ ડૉકટરોની મદદથી તેમની સારવાર ચાલી રહી છે. તેમના મગજમાં સોજો છે જેને ઓછો કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અત્યાર સુધી ફાઇઝરની રસી મૂકાવા પર કોઈપણ વ્યક્તિમાં આ પ્રકારનું રિએકશન દેખાયું નથી. આની પહેલાં અમેરિકાના કેલિફોર્નિયામાં ફાઇઝરની કોરોના વાયરસ વેકસીન લગાવ્યાના એક સપ્તાહ બાદ જ એક સ્વાસ્થ્યકર્મી કોરોના પોઝિટીવ આવ્યો હતો. મેથ્યુ ડબ્લ્યુ નામનો સ્વાસ્થકર્મી બે જુદી-જુદી હોસ્પિટલોમાં નર્સનું કામ કરે છે. આ નર્સે ૧૮ ડિસેમ્બરે કોરોના વાયરસની રસી લીધી હતી અને ફેસબુક પર પણ પોસ્ટ કરીને તેની માહિતી પણ આપી હતી. સ્વાસ્થ્યકર્મીએ કહ્યું હતું કે રસી લીધા બાદ તેની કોઈ આડઅસર નથી.

# ઈટાલીમાં નવા વર્ષે સેંકડો પક્ષીઓના મોત, અપશુકનની આશંકાએ લોકોમાં ફફડાટ

રોમ,તા.૩

કોરોના વાયરસના મહાસંકટ વચ્ચે ૨૦૨૧ની સાલ વિશ્વભરના લોકો માટે નવી આશા અને અપેક્ષાઓ લઈને આવી છે. નવા વર્ષના સ્વાગતની ઉજવણીમાં દુનિયા મસ્ત હતી ત્યારે ઈટાલીના શહેર રોમમાં હજારોની સંખ્યામાં અબોલ પક્ષીઓના જીવ ગયા છે. રોમમાં નવા વર્ષના સ્વાગત વખતે આકાશમાં ખૂબ આતશબાજી થઈ હતી, જેનો શિકાર હવામાં ઉડી રહેલા પક્ષીઓ બન્યા હતા. જોતજોતામાં સ્થિતિ એવી થઈ કે, રોમના રસ્તા મૃત પક્ષીઓના શબથી ભરાયા હતા. હવામાં મુક્તપણે ઉડતાં પક્ષીઓની આવી સ્થિતિ જોઈને જીવદયાપ્રેમીઓની આંખો ભીની થઈ હતી. તો ઘણાં લોકો નવા વર્ષે અપ્રિય ઘટના બનવાની આશંકાથી ફફડી રહ્યા છે.

નવા વર્ષના સ્વાગતમાં રોમમાં જોરદાર આતશબાજી કરવામાં આવી અને રોડ પર ખૂબ ફટાકડા ફોડવામાં આવ્યા હતા. રોમ શહેરના મધ્યમાં આવેલો ભાગ આતશબાજીનું કેંદ્ર બન્યો હતો. આ આતશબાજીનો શિકાર એ સમયે ત્યાં રહેલા પક્ષીઓ બન્યા હતા. મીડિયામાં વહેતા થયેલા અહેવાલો પ્રમાણે, આતશબાજીના કારણે આ પક્ષીઓને હાર્ટ અટેક આવ્યો અને તેમનાં મોત થયા. હજારોની સંખ્યામાં નાના-નાના પક્ષીઓની લાશો રોમના ઘણા વિસ્તારોમાં જોવા મળી. રોમના ટેરમિની ટ્રેન સ્ટેશન પાસે આ લાશોને જોઈને ત્યાંથી પસાર થઈ રહેલા લોકો હેબતાઈ ગયા હતા. આ તરફ પશુ અધિકાર માટે કામ કરતાં લોકોનું કહેવું છે કે, નવા વર્ષે થયેલી આતશબાજીથી આ પક્ષીઓ ગભરાઈ ગયા અને તેમના મોત થયા છે.

ઈટાલીના અધિકારીઓએ લોકોને પશુ-પક્ષીઓનું ધ્યાન રાખવાનું કહ્યું હતું પરંતુ નવા વર્ષના ઉન્માદમાં લોકો બધું જ ભૂલી ગયા. પરિણામે હજારો અબોલ પક્ષીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો. રોમની ઘટનાનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક શખ્સ કહે છે કે, 'આ માણજાતનું સૌથી ઘૃણાસ્પદ કૃત્ય છે. આ આતશબાજીના કારણે હજારોની સંખ્યામાં પક્ષીઓ મૃત્યુ પામ્યા છે. વિશ્વાસ નથી આવતો સંખ્યા કેટલી વધારે છે.' ટેક્સી ચલાવતો ડિઆગો નામનો વ્યક્તિ આ ઘટનાનો પ્રત્યક્ષદર્શીએ હતો. તેણે મીડિયાને કહ્યું, 'પહેલા મેં રોડ પર મરેલા પક્ષીઓ જોયા તો સમજી ના શક્યો કે આ શું છે. પછી ખબર પડી કે આ તો મૃત્યુ પામેલા પક્ષીઓ છે. તેમની સંખ્યા હજારોમાં છે. આ દ્રશ્ય ખૂબ દુઃખદ હતું. આ ઘટના રાતના ૧૨.૪૦ કલાકની આસપાસની છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બરો ની આજે " વિરહ,વેદના,ચાહના" શબ્દો વિષયક આજે છેલ્લી સાત પદ્ય રચનાઓ....આવતીકાલ થી નવા વિષય ની રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે.

www.janfariyadnews.com

--------------------------------------

**NOG SS NO: 001**

વિભાગ ; પદ્ય.

શીર્ષક ; ચાહના,વિરહ,વેદના.

હું ને તું નદીનાં બે કિનારા..!
કર્મ સંજોગે મળ્યાં
આમને- સામને.
તારી ચાહત મારી પૂજા...!
તારો વિરહ મારી પીડા.
તારો સ્નેહ મારો સથવારો,
તારી યાદો અંતરમાં,
હેમ નો 'પ્ર- દીપ' પ્રગટાવી બેઠો.
એક નહી થવાના,
સત્યનો સ્વીકાર,
વિરહની વેદના ડંખે...!
તારી ચાહ, મારી ધડકન,
'મૌન ' ચાહતનું સમજે કોણ ?
વાણી ,હોય તો કહું....!
શબ્દો, હોય તો સમજાવું,
'સંવેદના ' અહીંયા સમજે છે કોણ ?
ચાહત, વેદના,વિરહ,
અનુભૂતિ, અંતર મનની,
અહેસાસ, તારો સ્પર્શે મને.
ક્યાંક તો નદીનાં કિનારા મળતાં હશે...?
એજ આશમાં જીવું તને એ જિંદગી...!

પ્રદીપ રાવલ.

--------------------------------------

**NOG SS No : 0027**

વિભાગ : પદ્ય

શીર્ષક :- પ્રિયતમમાં પતિને ઝંખતી પ્રિયતમા

એય...!!! તને ખબર છે....
તું મારામાં કેટલો જીવ્યા કરે છે ?
ઝીણી-ઝીણી લીધેલી તારી એ કાળજી,
મારામાં કૂંપળ બની ફૂટ્યાં કરે છે.
મહેનતથી પડેલો તારો એ પસીનો,
મારામાં રોમે-રોમ મહેક્યાં કરે છે.
લટોમાં ફેરવેલી તારી એ આંગળીઓ,
મારામાં નદી જેમ દોડ્યાં કરે છે.
વજ્ર જેવી છાતી પર મારેલો એ મુક્કો,
મારી હથેળીમાં પડઘાયા કરે છે.

ગુસ્સામાં બોલેલા તારા એ શબ્દો,
મારામાં પારેવાં જેમ ફફડયાં કરે છે.
બીજી પળે માંડેલી વહાલની તારી વાતો,
મારામાં બાળક જેમ રમ્યાં કરે છે.
આમ,મારામાં તારું હોવું એ જ તો,
મારા અસ્તિત્વને ચૂમ્યાં કરે છે.

જ્યોતિ આચાર્ય, અમદાવાદ

--------------------------------------

**NOG SS No : 0048**

વિભાગ -પદ્ય

શબ્દ - વેદના, વિરહ

શીર્ષક - માતૃત્વ★

માના માતૃત્વની વેદના મા બન્યા પછી સમજાય,
મા તારી ચિરવિદાય પછી તારી ઊણપ વર્તાય.
તારી હયાતીમાં ના માણી શક્યા જે ક્ષણોને,
તારી ગેરહાજરીમાં એ ક્ષણો માટે આંખો છલકાય.
વિરહ તારો એક પળ હવે ના સહેવાય,
તારી પ્રીતની ચાહના માટે આ મન અકળાય.

પ્રકૃતિ શાહ "પ્રીત"

--------------------------------------

**NOG SS No :- 010**

વિભાગ :- પદ્ય

વિષય :- વેદના

શીર્ષક :- વાવેતર

ફૂલ ગુલાબી મેં ચૂંટતા વેદના તો કંટકની,
કાલની વાતો બધી ભૂલી જવી છે કળવની.
ખોટ મુજમાં જાણવાની ભીતરે ઝાંખી ના કરી,
દુનિયા જાણે બધું તમે ભલે છુપાવો વાત લાખની.
પાડ જીવનભર કદી માન્યો નહી માનવ દેહનો,
દાગ ધોવા ડૂબકી મારી ઘણી ગંગામાં જાતની.
શીત વાયરો વાય વાવેતર થાય આતમ દીપનો,
છોડ કાંટાનો નથી વેદના કરું છું વાત ફૂલની .
આંતરિક ચોખ્ખાઈનો ના મળ્યો રસ્તો ધ્યાનનો,
હાથમાં જ્યાં હાથ હરિનો નાહક ચિંતા વ્યર્થની.

દીપ્તિ પટેલ'શ્રીકૃપા'..વડોદરા.

--------------------------------------

**NOS SS No - 0058**

ન્યૂઝ ઓફ ગાંધીનગર

વિભાગઃ- પદ્ય

વિષય ;-વેદના

શિર્ષકઃ- ખબર શું પડે?

ગાથા નદીની દરિયાને
ખબર શું પડે?
વેદના ફૂલોની અત્તરને
ખબર શું પડે?
પ્રણયના દર્દની વસંતને
ખબર શું પડે?
પીડા મરજીવાની મોતીને
ખબર શું પડે?
વ્યથા રણની મઘમઘતા બાગને
ખબર શું પડે?
ભાર દોરીનો ગગને વિહરતાં પતંગને
ખબર શું પડે?
ભક્ત ભગવાનનાં સંબંધની નાસ્તિકને
ખબર શું પડે?

પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

--------------------------------------

**NOG SS No : 0075**

વિભાગ : પદ્ય

વિષય : વેદના

શીર્ષક : વેદનાની વાત

સોળમાં વર્ષની આ વાટ
સખી, કોને કહું વેદનાની વાત ?
રુદિયાના ખેતરને કોણે ખેડયા
કોણે આ ચીતર્યા ચાસ?
વાવ્યા રે કોણે પ્રેમના અમૂલ બીજ,
કોણે આ દીધાં સન્માન?
પ્રગટાવી કોણે આ કૂંપળ ચાહતની,
કોણે સીંચ્યા આશાના નીર?
શ્રદ્ધા, વિશ્વાસના ખાતર ઓરીને
કોણે આ નીપજાવ્યો ફાલ?
મોંઘા રે મૂલનાં ખેતરમાં મારા
કોણે કર્યું આ ભેલાણ?
સમજુ જરા હું ત્યાં ભડભડતી
આગે શાને થઈ કાયા બેહાલ?
સોળમાં વર્ષની હતી વાટ
સખી, કોને કહું વેદનાની વાત ?

કૌમુદી સોની..સુરત

--------------------------------------

**NOG SS No : 0082**

વિરહ

શબ્દે શબ્દ આપના ગુંજતા વેણ
નજરોમાં ઘૂમે છે આંસુ ભેર
પાલવ ઓઢી નજરમાં શોધી
હથેળીમાં જોઉં તુજ વદન
મન ભરીને માણતી તુજ નજર
છલકાયા પ્રેમ પાણીની જેમ
સમય ને જોતાં થાકી નજર
તું સંતાયો ઘડીક મુજ અંદર
રિસાઈ ગયાછે મુજ ગગન
પવનમાં વસ્યા છે મુજ વચન
યાદનાં સંભારણા મને પૂછે
વિરહનાં વહાણ ખૂબ ડગે

ડો. અનિરુદ્ધ વ્યાસ.નડિયાદ

--------------------------------------

**NOG SS No : 0082**

ચાહના

ગુલાબની કળીમાં દરેક પાંદડે
તારું હસતું મુખ મે જોયું
તારા હસતાં ગાલમાં રૂડી
મેં નાનું તારું ખંજન જોયું
રૂપાળા વાળની લટોમાં વહાલી
મેં મારું ચમકતું મુખડું જોયું
હસે તારો પ્રેમ મને ભલે થોડો
પારસ સમાન મે તેને ગણ્યો
તારી ચાહત ભલે થોડી જોઇ
મને મારી મંજિલ તે ગણી
ચાહું તો હું તનેજ સરિતા
વહેતી નદી તો નીર ગણીશ

ડો.અનિરુદ્ધ વ્યાસ.નડિયાદ







## મારું મંતવ્ય

૨૦૨૦નું આગમન મહામારી લઈને આવ્યું.આખું વર્ષ હાડમારી સહન કરી,સાથે ઘણું બધું શીખવી પણ ગયું.પરિવારનુ મૂલ્ય,સ્વનિર્ભરતા, સ્વાવલંબીપણું,ઘરના આવાનાનું મૂલ્ય સમજાયું.

બાળકો ઘરે રહી ઓનલાઇન ભણ્યા,નવી શિક્ષણ નિતી આવી.આજે મારે વાત કરવી છે શિક્ષણ નિતીની, એમાં પણ પ્લેગૃપ, નર્સરી,જુ.કે.જી.,સી.કે.જી.ની.

નવી શિક્ષણનિતી આવી.એમાં પણ પ્લેગૃપ, નર્સરી,જુ.કે.જી,સી.કે.જીના અભ્યાસક્રમ બાબતે ઉલ્લેખ નથી.

નવું વર્ષ શરૂ થયું.પ્લેગૃપ, નર્સરીનાં ફોર્મ વેચાશે, માંડ એક રૂપિયાનો ખર્ચ થતો હોય એવા ફોર્મની તગડી રકમ લેવાશે.પછી દોર શરૂ થશે નર્સરીનાં ઈન્ટરવ્યુનો.એમાં પાર ઉતરે તે માટે પ્લેગૃપમાં તૈયારી કરાવે.બાળકની માંડ ત્રણ વર્ષની ઉંમરે ધમાલ મસ્તી કરવાને બદલે પ્લેગૃપમાં કેદ.

પછી આવે નર્સરી,કે જ્યાં એ.બી.સી.ડી., બોલતા, લખતા, વાંચતા શીખવાનું સાથે વન,ટુ,થ્રી પણ બાકી ન રહે.

જુ.કે.જી.માં શબ્દો. બોલતા, લખતા, વાંચતા શીખવાનું.પરીક્ષાનું તૂત પણ ખરું જ. સી.કે.જી.માં તો વાક્ય જ શીખવી દેય.

ખરેખર પ્લેગૃપ આને નર્સરી ની જરૂર છે? શા માટે બાળકોનુ બાળપણ છીનવી લેવાનું?

??છાસવારે પરદેશ દોડી જતા નેતાઓએ ત્યાંની શિક્ષણ નિતીનો અભ્યાસ કરવો જોઈએ.બાળકોએ માત્ર નાસ્તો અને પાણી જ લઈ જવાનું. શાળામાં રમતા રમતા ભણવાનું.ઘરે આવ્યા પછી કોઈ ભારણ નહીં.

આપણે ત્યાં સરકાર ભાર વગરના ભણતરના બણગાં જ ફૂંકે છે.બાળકના વજન કરતાં બેગનું વજન વધારે.

ચાર ધોરણ સુધી નોટબુક કે પુસ્તકો ઘરે લાવલઈ જાવ શું કામ કરાવો? શાળા પૂરતુ જ સિમીત રાખો. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે નર્સરી થી જ શાળા છૂટ્યા બાદ એક્સ્ટ્રા ટ્યુશન.વિચારો આ કુમળા બાળકોની સ્થિતિનો એટલે જ પરીક્ષાનું ભારણ ન હોવું જોઈએ.

જેમ રાતોરાત ૫૦૦ અને હજાર રૂપિયાની નોટ રદબાતલ કરી એમ શિક્ષણક્ષેત્રમાંથી પ્લેગૃપ અને નર્સરી બંધ કરી દેવામાં આવે તો બાળકો શિક્ષણનાં ભારતમાંથી મુક્ત થશે. બુધ્ધિપ્રતિભા ખીલશે.

ફેબ્રુઆરી મહિનાથી એડમીશન આપવાનાં ચાલુ થશે.ઓનલાઈન ફોર્મ તો ભરાવા માંડ્યા છે.

શું સરકાર જાગશે? નક્કર પગલાં લેશે?

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

## ઉત્તર ભારતમાં હિમવર્ષાના કારણે કચ્છમાં કાતિલ ઠંડી, નલિયામાં પારો ગગડ્યો

ગાંધીનગર,તા.૩

ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાના કારણે કચ્છ જિલ્લામાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કચ્છના કોલ્ડસિટી ગણાતા નલિયામાં ઠંડીનો પારો ગગડી રહ્યો છે, જયારે ભુજ (હ્વરેદ્ધ)માં રેકોર્ડ બ્રેક ઠંડી પડી રહી છે. કચ્છના નલિયામાં ૬.૭ ડીગ્રી, કંડલા પોર્ટ ૮.૭ ડીગ્રી અને ભુજમાં ૧૦.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

નલિયા અને કંડલા પોર્ટ પર ઠંડીનો પારો સિંગલ ડિઝીટ પર પહોંચી ગયો છે. કચ્છમાં લોકો હાડ થીજવતી ઠડીનો અનુભવ કરી રહ્યા છે. કાતિલ ઠંડીની અસર જન-જીવન પર પડી છે. ઠંડીથી બચવા માટે લોકો તાપણું અને ગરમ કપડાંનો સહારો લઈ રહ્યા છે. ભુજમાં વૉક વે અને ગાર્ડન્સમાં વહેલી સવારે વોકિંગ અને કસરત કરતા લોકોની સંખ્યામાં પણ ઠંડીના કારણે ઘટાડો જોવા મળી રહ્યો છે. કાતિલ ઠડીના કારણે ભુજના વોક વે પર કસરત અને વોકિંગ કરવા આવતા લોકોની સંખ્યા ઘટી છે. કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે રેકોર્ડ બ્રેક ઠંડી પડી છે. શિયાળાની સાથે જ કચ્છમાં લોકો કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પર્વતીય વિસ્તારમાં થઈ રહેલી બરફવર્ષાના કારણે કચ્છમાં કાતિલ ઠંડીનો લોકો અનુભવ કરી રહ્યા છે.



**આજ રોજ ગાંધીનગર જીલ્લા ના કલોલ વિધાનસભા વિસ્તાર માં આવેલ સઇજ જીલ્લા પંચાયત સીટ માં આવતા ધાનજ ગામ ના ભારતીય જનતા પાર્ટી ના અગામી કાર્યકામોઁ માટેની મહત્વ ની બેઠક નું આયોજન પ્રજાપતિ વાસ ખાતે રાખેલ જેમાં ગાંધીનગર જીલ્લા ની સઇજ જીલ્લા પંચાયત સીટ ના સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ઇન્ચાર્જ શ્રી લક્ષ્મણજી પી. ઠાકોર (બકાજી), કલોલ તાલુકા પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલ , કલોલ તાલુકા મહામંત્રી શ્રી જયેશજી ઠાકોર, શ્રી જગદીશ ઠાકોર, શ્રી અંકિત પંચાલ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડિયું. આ મીટિંગ માં ગામના આગેવાનો માં પ્રકાશ ભાઈ પ્રજાપતી, પ્રજાપતિ ગોરધનભાઈ પ્રજાપતિ વિઠ્ઠલભાઈ રબારી ઓધાર ભાઈ, પટેલ ભીખાભાઈ, પટેલ મનુભાઈ, પ્રજાપતિ ડાહ્યાભાઈ, પ્રજાપતિ નરેન્દ્રભાઈ પ્રજાપતિ પ્રહલાદભાઈ પટેલ સુરેશભાઇ પ્રજાપતિ કેતન કુમાર પ્રજાપતિ ઉત્સવ પ્રજાપતિ રસિકભાઈ પ્રજાપતિ બળદેવભાઈ પ્રજાપતિ રાજેશભાઈ પ્રજાપતિ મનીષ અને ધાનજ ગામના કાર્યકરો સાથે ભાજપ વિચાર ધારા ભાજપ નો ખેશ પહેરી જોડાયા.**

### મુખ્યમંત્રીએ કિસાન સૂર્યોદય યોજનાના બીજા તબક્કાનું લોકાર્પણ કર્યું

## ગીર સોમનાથ જિલ્લાના ૧૦૯ ગામો માટે 'કિસાન સૂર્યોદય યોજના'નો આરંભ

ગીર સોમનાથ,તા.૩

ગીર સોમનાથઃ ઉના ખાતે સીએમ રૂપાણીએ ગીર સોમનાથ જિલ્લાના ૧૦૯ ગામ માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું કે, ૨૪ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ૧૪૩ ગામ માટે કિસાન સૂર્યોદય યોજના કાર્યરત કરવામાં આવી હતી. રૂપાણીએ બીજા તબક્કામાં રાજયના ૧૨ જિલ્લા અને ૬૪ તાલુકાના ૧૧૪૬ ગામનો સમાવેશ કરાયો છે. અગાઉ પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૧૦૫૫ ગામને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળી ચૂક્યો છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત વધુ સમૃદ્ધ બનશે. રૂપાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, ગુજરાત ભારતનું રોલ મોડેલ છે. છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત વિકાસનો પર્યાય પુરવાર થયું છે. નવા વર્ષના આરંભે ખેડૂતો માટે કિસાન સૂર્યોદય યોજનાની શુભ શરૂઆત થઈ છે. પાણી-વીજળી ખેડૂતની તાકાત છે. રાજ્ય સરકારે પાણી વીજળી માટે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશ અને વધુ સમૃદ્ધ બનશે. ખેડૂતો પોતાની જમીનમાં સોલાર વીજ પ્રોજેક્ટ શરૂ કરી અન્નદાતા હવે ઉર્જાદાતા પણ બની શકે છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં પીજીવીસીએલ દ્વારા દર વર્ષે દોઢ-દોઢ લાખ કનેકશન આપવામાં આવી રહ્યા છે. અગાઉની સરકારમાં લંગડી વીજળી મળતી હતી ટ્રાન્સફોર્મર બળી જતા હતા. આજે લંગડી વીજળીના દિવસો ભૂતકાળ બની ગયા છે. અગાઉની સરકારે ખેડૂતો માટે ક્યારેય રાહત પેકેજ જાહેર નથી કર્યા. જયારે ગયા વર્ષે અમારી સરકારે અતિવૃષ્ટિમાં ૩૭૦૦ કરોડનું પેકેજ આપ્યું હતું. સૌરાષ્ટ્રના તમામ જિલ્લા તાલુકા અને ગામડાના ખેડૂતોને પેકેજના પૈસા સીધા ખાતામાં જમા થયા હતા. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની લાગણી અને માંગણી પુરી કરતા રૂપાણીએ જણાવ્યું કે, ખેડૂતોને દિવસે વીજળી મળતા હવે હેરાન નહીં થવુ પડે, ખેડૂત પોતાની શક્તિ ઉર્જાથી વધુ ઉત્પાદન કરશે અને રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. આ સાથે જ રૂપાણીએ ખેડૂતોને કૃષિ કાયદા અંગે ગેરસમજો ફેલાવી ગુમરાહ કરતા લોકોથી બચવા જણાવ્યું છે. આ તકે રૂપાણીએ તાજેતરમાં ભૂમાફિયા, જમીન પચાવી પાડનારને સીધા કરવા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલમાં લાવ્યા છે.

તેમ જણાવી કહ્યુ કે, હવે ખાનગી અને સરકારી જમીન પચાવી પાડનારાઓની ખેર નથી. ઉર્જા મંત્રી સૌરભ પટેલે કિસાન સૂર્યોદય યોજના સહિત ઉર્જા વિભાગે ખેડૂતો માટે લીધેલા સઘન પગલા અંગે કહ્યું કે, ખેડૂતો માગે અને વીજ કનેકશન મળે તે દિવસો હવે દૂર નથી. ખેડૂતને એક કનેક્શન આપવા રૂ ૧.૬૦ લાખ ખર્ચ થાય છે. જ્યારે સરકાર ખેડૂતો પાસેથી માત્ર ૧૦ હજાર જેવી નજીવી રકમ વસુલે છે અને પ્રત્યેક કનેક્શનર દીઠ રૂ. ૧.૫૦ લાખ જેટલી સબસીડી આપે છે જે દર વર્ષે વીજ કનેક્શન આપવા ૧૮૦૦ કરોડ સબસીડી થાય છે. ઉપરાંત ખેડુતોને વીજ બીલમાં રાહત આપી ૭૫૦૦ કરોડ જેટલી સબસીડી પણ આપે છે. રૂપાણીએ જણાવ્યું કે, ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા દ્વારા કોરોના વેક્સીન માટે મંજુરી આપી છે. હવે લોકોને જલ્દી વેક્સીન પ્રાપ્ત થશે. કોરોના હારશે ગુજરાત જીતશે એ મંત્ર સાચો પૂરવાર થશે અને કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ તબક્કાવાર રસીકરણ કરાશે.

## ઉત્તરાયણમાં ૫૦ લોકોને એક ધાબા એકઠા થવાની મંજૂરી મળશે નહીં

ગાંધીનગર,તા.૩

અમદાવાદમાં રામદેવનગર સ્થિત સેવાભાવી સંસ્થા- સદવિચારમાં મોક્ષવાહિની રથનું લોકાર્પણ કરવા આવેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોરોના વેક્સિનેશન અને ઉત્તરાયણની ઉજવણી અંગે મહત્વપૂર્ણ વાતચીત કરી હતી.ઉત્તરાયણની ઉજવણી અંગે નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોનાને લઈને રાજ્ય સરકારે રાજ્યની ઓળખ સમાન પતંગ મહોત્સવ ન ઉજવવાનું નક્કી કર્યું છે, પણ તેમ છતાં નાગરિકો ઉત્તરાયણ ઉજવી શકે તે માટે જરુરી છૂટછાટ અંગે કોર ગ્રુપની બેઠકમાં ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવાશે. તેમજ પતંગ ચગાવવાને લઈને પણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. લોકો પોતાના ઘર કે ધાબા પરથી કેવી રીતે પતંગ ઉડાવી શકે અને કેટલા લોકો ભેગા થઈ શકે તેની જાહેરાત કરશે. ધાબાઓ પર કે પોળોમાં ૫૦ લોકો ભેગા થઈ પતંગ ઉડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

પરિવારના ૫-૭ લોકો જ પોતાના મકાનની અગાસીએ પતંગ ઉડાવે તો વાંધો નહીં આવે. કોરોના સામેની વેક્સિન અંગે રાજ્ય સરકારના આરોગ્યતંત્રના આયોજનની રૂપરેખા આપતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું, કે ગુજરાતમાં ત્રણ તબક્કામાં રસીકરણની પ્રક્રિયા હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઈન વોરિયર્સ- મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, બીજા તબક્કામાં આશા વર્કર અને પોલીસ જવાનો અને ત્રીજા તબક્કામાં સિનિયર સિટિઝન અને કો-મોર્બિડ(ડાયાબિટિસ,બ્લડપ્રેશર વગેરે)ની સ્થિતિ ધરાવતા દર્દીઓને રસી આપવા માટેનું આયોજન હાથ ધરાયું છે. કોરોના વોરિયર્સને વિના મૂલ્યે રસી અપાશે.

નાયબ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નાગરિકોની સલામતી એ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજ દિન સુધી કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રુપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. ભારત સરકારે વેક્સિનેશન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને તમામ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર રસીકરણનો આરંભ કરશે. નાયબ મુખ્યમંત્રીએ સદવિચાર પરિવારના સેવા-વારસાને ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ સંસ્થામાં હરિભાઈ પંચાલ અને ડોંગરેજી મહારાજ જેવા સમાજસેવકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. તેમણે સદવિચાર પરિવાર દ્વારા હાથ ધરાઈ રહેલી સેવાકીય પ્રવૃત્તિના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

## રાજકોટના ઉપલેટામાં ભૂકંપના આંચકા, ૨.૬ની તીવ્રતાથી ધ્રુજી ધરતી

ઉપલેટા,તા.૩

સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકાનું પ્રમાણ વધ્યું છે. આજે સવારે ઉપલેટામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૮.૨૩ વાગ્યે ૨.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સવાર સવારમાં ભૂકંપના આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટાથી ૧૬ કિલોમીટર દૂર નોંધાયું છે. ઉપલેટામાં ભૂકંપના આંચકાથી કોઈ જાનહાનિ થઈ નથી. ભૂકંપથી ઉપલેટાની ધરા ધ્રુજી ઉઠતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

રાજકોટ જિલ્લામાં ભૂકંપના આંચકાનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને ધોરાજી-ઉપલેટા અને ગોંડલમાં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાય રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકા અવારનવાર અનુભવાય રહ્યા છે.

## કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રૂપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યોઃ નીતિન પટેલ

ગાંધીનગર,તા.૩

કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા ભારત માટે રવિવારનો દિવસ ખાસ બની રહ્યો છે. રવિવારે ભારતને કોરોના સામે લડવા માટે હથિયારરૂપી ૨ વેક્સિનને મંજૂરી મળી ગઈ છે. ડીસીજીઆઈએ મોટી જાહેરાત કરતા સીમર ઈન્સ્ટિટયૂટની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની વેક્સિન કોવેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. તો હવે ગુજરાતના નાયબ મુખ્યમંત્રીએ મહત્વનું નિવેદન આપ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે, મેડિકલ સ્ટાફ, આશાવર્કર અને પોલીસને વેક્સિન આપવામાં આવશે. ત્યારબાદ ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વેક્સિન આપવામાં આવશે. તેમણે કહ્યું કે, હજુ પણ બીજી બે વેક્સિનના અંતિમ ટ્રાયલ ચાલું છે અને તેને પણ મંજૂરી આપવામાં આવી શકે છે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું છે કે, ૧.૩ કરોડની વસ્તી ધરાવતા દેશમાં યુવાનોને બાદ કરતા તમામ લોકોને વેક્સિન પહોંચી શકે છે. આ સાથે ૫૦ વર્ષથી ઉપરની વયના લોકો અને બીજી કોઈ બીમારીથી પીડાતા લોકોને પહેલા આ રસી આપવામાં આવશે. પહેલા તબક્કામાં ૩૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે. ત્યારબાદ બીજા ૩૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે. વેક્સિનનો કેટલો ચાર્જ લેવામાં આવશે? તે વિશે તેમણે કહ્યું કે, અત્યારે વેક્સિનના ચાર્જ અંગે કોઈ ચર્ચા નથી. વેક્સિન મળે તેની રાહ જોવાઈ રહી છે. આર્થિક રીતે સક્ષમ લોકો ભારત સરકાર તરફથી મંજૂરી અપાયેલી રસીને પોતાની રીતે લઈ શકે છે.

### સત્તર લાખ ના ખર્ચે રોડ બનાવવા માટે ખાત મુર્હુત કરાયું

## રોયલ્ટી ગ્રાન્ટ જિલ્લા કક્ષા દ્વારા જસલેણી ગામે ઉત્તમપુરા ડેરી થી ભાગરોડીયા -માલોસણા રોડને જોડતો એપ્રોચ રોડ નું ખાતમુર્હત કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર તાલુકાના જસલેણી ઉત્તમપુરા ગામે લોકોની ઘણા સમય થી લોક માંગ હતી કે ઉત્તમપુરા ડેરી થી ભાગરોડીયા માલોસણા નો કાચો રસ્તો પાક્કો કરવામાં આવે કારણ કે ચોમાસા દરમિયાન ખેડૂતોને બહુ મોટી હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે જેથી લોકો ની ઘણા સમય થી આ રોડ બનાવવા માટે ની માંગ હતી જે ના કારણે કોગ્રેસ ના જિલ્લા ડેલિગેટ મુમતાજબેન બંગલાવાલા અને તાલુકા ડેલિગેટ કમુબેન હડિયોલ ની ગ્રાન્ટ માંથી સત્તર લાખ ના ખર્ચે આ રોડ બનાવવા માટે ની મંજૂરી આપેલ હોય જેથી આજ રોજ જિલ્લા કોગ્રેસ સમિતિ પ્રમુખ દિનેશભાઈ ગઢવી તથા બાધકામ સમિતિ ના ચેરમેન મુમતાજબેન , યાશીનભાઈ બંગલાવાલા, કલ્લબે અબ્બાસ સુણસરા, ઈશ્રૃવરભાઈ શેખલિયા તથા કોગ્રેસ પક્ષ ના આગેવાનો ,ઉત્તમપુરા ગામના સરપંચ તથા ગામ લોકો હાજર રહ્યા હતા જેમાં ખેડૂતો દ્વારા ચાલતા આદોલન વિશે પણ ખેડૂતો માં આ કાયદાઓ વિશે માહિતગાર થાય એ માટે થઇ એક મિટીગ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતો એ પણ ભાગ લીધો હતો.....

### સામુહિક આત્મહત્યાથી ખળભળાટ

# મોડાસાના ગાજણમાં ૩૨ વર્ષીય ક્ષત્રીય યુવકે પત્ની અને બે બાળકો સાથે ગળેફાંસો ખાઈ લેતા ચકચાર



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાના કપરા સમયમાં લોકોની હાલત દયનિય બની રહી છે બીજીબાજુ સતત કુદરતના બેવડા મારથી ખેડૂતોની હાલત કફોડી બની છે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના એક નામાંકીત પરિવારે ઉદેપુરમાં ઝેરી દવા ગટગટાવી સામુહિક આત્મહત્યાની ઘટનાને હજુ તો લોકોના માનસપટ પરથી ભૂંસાઈ નથી ત્યારે મોડાસાના ગાજણ ગામના ખેડૂત પરિવારના યુવાન પુત્રએ આર્થિક સંકડામણના લીધે તેની પત્ની બે નાના સંતાનો સાથે ગામના ડુંગરમાં આવેલ તળાવમાં પહોંચી ઝાડ સાથે ગળેફાંસો લગાવી સામુહિક આત્મહત્યા કરી લેતા ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું હતું સામુહિક આત્મહત્યાની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા યુવાન ખેડૂત યુવાને પરિવાર સાથે આત્મહત્યા કરી લેતા મોડાસા રૂરલ પોલીસ સહીત જિલ્લા પોલીસનીનો ઘટના સ્થળે પહોંચી હતી. હત્યા કે આત્મહત્યાના સહીત તરહ તરહની ચર્ચાઓ વચ્ચે પોલીસે સઘન તપાસ હાથ ધરાઈ છે

૩૧ ડિસેમ્બરે રાત્રીના રાત્રીના ૧૦ વાગ્યા પછી ગાજણ ગામે રામદેવપીર ફળી વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષીય ખેડૂત કાળુસિંહ પરમાર તેમના પત્ની જયોતિકાબેન અને પુત્ર મયંક (ઉ.વ.૭) અને ટેડીયો (ઉ.વ.૫)

ઘરેથી ગુમ થઇ જતા ભારે ચકચાર મચી હતી આ અંગે યુવકના પિતાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં તેમનો પુત્ર પરિવાર સાથે ગુમ થઇ ગયો હોવાની જાણ કરી હતી યુવકના પરિવારજનો અને સગા-સબંધીઓ એ સંભવીત તમામ સ્થળોએ ગુમ પરિવારની શોધખોળ આદરી હતી ત્યાંજ ત્રણ દિવસથી અચાનક ગૂમ થઈ ગયેલ આ ખેડૂત દંપતી અને તેના બે પુત્રો શનિવારની માંડી સાંજે ગાજણ ગામના ડુંગરમાં આવેલા તળાવ નજીક ખરાબાના એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા આવતાં ભારે ચકચાર મચી હતી.

આ ઘટના અંગે મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરાતાં પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી પહોંચી હતી. અને એક ઝાડ ઉપર જુદી બે દોરીમાં લટકતા ૪ મૃતદેહોને જોઈ ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસના ઉચ્ચ અધિકારીને જાણ કરાઈ હતી. જાણ થતાં જિલ્લાના ડીવાયએસપી ભરત બસીયા,એલસીબી પોલીસ સહીત અન્ય વિવિધ એજન્સી ઘટનાસ્થળે પહોંચી અને જરુરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.હાલ મોડાસા રૂરલ પોલીસે યુવક ખેડૂત દંપતી અને બે માસુમ બાળકોના મૃતદેહને પીએમ માટે મોકલી આપી યુવકની પિતાની જાહેરાતના આધારે આત્મહત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . ગાજણ ગામે યુવાન ખેડૂત યુવકે પરિવારના બે નિર્દોષ માસુમ તેમજ પતિ, પત્ની એ આત્મહત્યા કરી લેતાં સામુહિક આત્મહત્યાની રુંવાડા ઉભા કરી દીધા હતા આર્થિક સંકડામણ ને લઈ આ પરિવારે સામુહિક આત્મહત્યા કરી લીધી હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

### મોડાસામાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત

## દ્વારકાપુરી સોસાયટી પાસે ગાયની અડફેટે બાઈક ચાલક ચઢ્યો,રોડ પર પટકાતા માથાના ભાગે ઈજાઓ



અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં શહેરના રસ્તા વચ્ચે અડિંગો જમાવીને બેસતી અને રખડતી ગાયોને લીધે વારંવાર નાના-મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે ગત વર્ષે એક યુવકને ગાયે અડફેટે લેતા યુવકનું મોત નીપજ્યું હતું રાત્રીના સુમારે રોડ પર બેસેલી ગાયોનું ટોળું ન દેખાતા અનેક વાહનચાલકો ગાય સાથે ભટકાઈ અકસ્માતનો ભોગ બની રહ્યા છે મોડાસાના મેઘરજ રોડ પર ગાયોના ધણના ધણ અડિગો જમાવી બેસી રહે છે ગત મોડી રાત્રે ગાય વચ્ચે આવી જતાં રોડ પરથી પસાર થતો બાઈક ચાલક ગાય સાથે ભટકાઈ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુથી લોકો દોડી આવી ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો

શનિવારે રાત્રે પલ્સર બાઈક લઇ પસાર થઇ રહ્યો હતો ત્યારે શહેરના મેઘરજ રોડ પર આવેલી દ્વારકાપુરી સોસાયટી નજીક ગાય આડી ઉતરતા બાઈક સાથે અથડાતા બાઈક સાથે ચાલક રોડ પર ધડાકાભેર પટકાતા શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ત્રાણે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા શહેરમાં રખડતા ઢોર સામે નગરપાલિકાની લાચારી સામે ભારે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે

રસ્તે રખડતા ઢોરોને લીધે થતાં અકસ્માતોમાં ભૂતકાળમાં કોઇનો વ્હાલાસોયો દીકરો કે કોઇના ગુમાવી ચુક્યા છે પણ પાલિકાને અને તેના અધિકારીઓને શહેરમાંથી રખડતા ઢોરોની સમસ્યા દૂર કરવામાં કોઇ જ રસ રહ્યો નથી. શહેરમાંથી રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવા માટે પાલિકા કાગળો પર ઘોડા દોડાવ્યે રાખે છે.નગરપાલિકા પાંજરાપોળ ન હોવાનું રટણ રટી બહાના બાજી કરી રહી હોય અને નક્કર કાર્યવાહી કરવાના બદલે પશુપાલકો થી ગભરાતી નગરપાલિકા અને કર્મચારીઓ પાંજરે પુરવા નામાવલિ પુરવાર થઇ રહી હોવાનું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે

### ગામ આખું હીબકે ચઢ્યું, સર્જાયા હૃદયદ્રાવક દ્રશ્યો

## મોડાસા :ગાજણ સામુહિક આત્મહત્યા કરનાર પરિવારની એક સાથે ૪ અર્થી નીકળી



અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા તાલુકાના ગાજણ ગામના ક્ષત્રીય યુવાન તેની પત્ની અને બે માસુમ બાળકો સાથે ત્રણ દિવસ અગાઉ ગુમ થયા પછી શનિવારે ગામ નજીકના તળાવમાં બે માસુમ બાળકો સાથે એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા આવતાં ભારે ચકચાર મચી હતી. ગામમાં એક પરિવારના સામૂહિક આપઘાતની ઘટનાથી આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી મોડાસા રૂરલ પોલીસ સહીત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી પતિ-પત્ની અને બે માસુમ ભુલકાના મૃતદેહનું મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં પીએમ કરાવ્યા બાદ વતન લવાયા હતા અને ભારે કરુણાસભર વાતાવરણમાં પરિવારના ચારે સદસ્યોની એક સાથે અર્થી ઉઠતા ગામ આખું હીબકે ચઢ્યું હતું સામુહિક આપઘાતની હૃદયદ્રાવક ઘટના બાદ યુવાન પરિવારે આત્મહત્યા કેમ કરવા મજબુર બન્યો તે હજુ પણ ગામલોકો સમજી શક્યા નથી મૃતક દંપતી અને બંને બાળકોના વિશેરા ગાંધીનગર એફએસએલમાં મોકલી આપ્યા હતા . ૩૧ ડિસેમ્બરે રાત્રીના રાત્રીના ૧૦ વાગ્યા પછી ગાજણ ગામે રામદેવપીર ફળી વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષીય ખેડૂત કાળુસિંહ પરમાર તેમના પત્ની જયોતિકાબેન અને પુત્ર મયંક (ઉ.વ.૭) અને ટેડીયો (ઉ.વ.૫) ઘરેથી ગુમ થઇ ગયા હતા ત્રણ દિવસથી અચાનક ગૂમ થઈ ગયેલ આ ખેડૂત દંપતી અને તેના બે પુત્રો શનિવારની માંડી સાંજે ગાજણ ગામના ડુંગરમાં આવેલા તળાવ નજીક ખરાબાના એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા આવતાં ભારે ચકચાર મચી હતી.નાનકડા ગામમાં એક પરિવારના સામૂહિક આપઘાતની ઘટનાથી આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી મોડાસા રૂરલ પોલીસ સહીત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી વીવીધ દિશામાં તપાસ આદરી દીધી છે પતિ-પત્ની અને બે માસુમ ભુલકાના મૃતદેહનું મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં પીએમ કરાવ્યા બાદ વતન લવાયા હતા અને રવિવારે ચારેય મૃતકોની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા ઘરમાંથી એક સાથે બે માસુમ બાળકો અને દંપતીની અર્થી ઉઠતા જ પરિવારજનો અને સગા-સબંધીઓએ આક્રંદ કરી મુકતા કરૂણાસભર દ્રશ્યો સર્જાયા હતા

## માસ્ક તેમજ સોશિયલ ડિટેન્સ સાથે પી આઈ ની પરીક્ષા પૂર્ણ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં જીપીએસસી ની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં જિલ્લાના ૪૫ કેન્દ્રો પર ૧૧૬૪૨ વિદ્યાર્થીઓ પૈકી ૪૭૪૩ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જેમાં ૬૮૯૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.રવિવારે યોજાયેલ પરીક્ષામાં જીપીએસસી પહેલાના નિયમ પ્રમાણે જ વિદ્યાર્થીઓ બેસાડવામાં આવ્યા હતા જેમાં એક ક્લાસમાં ૨૪ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસાડવામાં આવ્યા હતા જેમાં બનાસકાંઠાના પાલનપુર,ડીસા,વડગામ અને દાંતીવાડા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી જેમાં માસ્ક અને રૂમ સેનેતાઈઝ કરવામાં આવ્યા હતા,આરોગ્ય અને પોલીસ તંત્ર ખડેપગે હાજર રહ્યું હતું જેમાં બનાસકાંઠામાં કુલ ૧૧૬૪૨ વિદ્યાર્થીઓ પૈકી ૪૭૪૩ વિદ્યાર્થીઓ એ પરીક્ષા પૂર્ણ કરી હતી.અને કોઈ અણબનાવ ન બને માટે પોલીસ ખડેપગે હાજર રહી હતી અને વિદ્યાર્થીઓ શાંતિમય પરીક્ષા પૂર્ણ કરી હતી..

## પાંથાવાડા ખાતે શ્રી રામજન્મભૂમિ મંદિર નિર્માણ હેતુ નિધિ સમર્પણ અભિયાન કાર્યાલયનો શુભારંભ કરાયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામ નું ભવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે ત્યારે આ ભવ્ય મંદિરનું નિર્માણ હેતું દેશભરમાં એક વ્યાપક નિધિ સમર્પણ અભિયાન શરૂ થયું છે જેમાં ૧૫ જાન્યુઆરી થી ૧૭ ફેબ્રુઆરી સુધી આ અભિયાન ને લઈ દેશભરમાં નિધિ સમર્પણ અભિયાન ચલાવવામાં આવશે

આજે પાંથાવાડા માં આવેલા અર્બુદા હાઈસ્કુલ ખાતે તાલુકાના કાર્યાલય નો પ્રારંભ કરવામાં આવ્યો હતો સંતગણ તેમજ સમાજ માંથી શ્રેષ્ઠીજનો સેવકો અને નગરમાંથી ઉપસ્થિત સજ્જન નાગરિકો તેમજ વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

સંત શ્રી ઓ ના હસ્તે કારસેવકોનું સન્માન કરવામાં આવ્યું સંતોના આર્શીવચન કરી ભગવાન શ્રીરામનું પૂજન- અર્ચના કરી જય ગોષ કરી ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું



**સિદ્ધપુર તાલુકાના ગણવાડા ના ગામના યુવાનો દુબઈ ખાતે પાકિસ્તાન સામે મેચ જીતી ભારત નુ નામ રોશન કર્યુ. સિદ્ધપુર તાલુકાનુ ગણવાડા ગામ એક અનોખુ ગામ ગણાય છે આ ગામના યુવાનો ધંધાર્થે દુબઈ ખાતે રહે જયા પાકિસ્તાન ના યુવાનો સાથે ક્રિકેટ મેચ નુ આયોજન કર્યુ હતુ જેમા પાકિસ્તાન ની જૂબેર ઈલેક્ટ્રિકલ ટીમ સામે જીત મેડ્વિ અને તમામ ભારતીય ટીમે ગર્વ મહેસૂસ કર્યો હતો આ બાબતે યુવાનો એ સોશિયલ મીડિયા મારફતે ભારતીય મિત્રો ને ફોટા મોકલી અને ખુશી વ્યક્ત કરી હતી**

## પાલનપુરના જગાણા મુકામે પર્યાવરણ જાગૃતિ તાલીમ યોજાઈ...



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાઠા જિલ્લા ના પાલનપુર તાલુકાના જગાણા ગામે રવિવારે ના રોજ ગ્રીન ગુડસ ડિડ્સ(પર્યાવરણ જાગૃતિ) તાલીમ યોજાઈ હતી જેમાં

ગુજરાત ઈકોલોજી કમિશન ગાંધીનગર દ્વારા કાર્યક્ર્મમાં પર્યાવરણ જાળવણી,પાણી બચાવો,ઉર્જા બચાવો,વુક્ષ વાવો,સમગ્ર જીવ સૃસ્ટી અને તેનું વ્યવસ્થાપનમાં આપણી જવાબદારી વિષયે પોસ્ટર તેમજ ફિલ્મ દ્વારા, વકતાઓ ધ્વારા માહિતીનું આદાન-પ્રદાન કરવામાં આવી.

તાલીમાર્થીને માસ્ક વિતરણ કરી સેનેટાઈજ્ કરી શારીરીક તાપમાન મેળવી,ઓકસીજન સ્તર ની માપણી સામાજિક અંતર જાળવી કોવિડ-૧૯ ની ગાઈડ લાઈન મુજબ તાલીમ યોજવામાં આવી. આ તાલીમમાં ગામના સરપંચશ્રી,ઉપસરપંચશ્રી,વિવિધ સહકારી સંસ્થાઓ ચેરમેનશ્રી, મંત્રીશ્રી,આગેવાનો,ગામના યુવાનો,આશાવર્કર,આગણવાડી કાર્યકર બહેનો તેમજ ગ્રામજનોએ તાલીમમાં ભાગ લીધેલ. સમગ્ર તાલીમ નું સંચાલન વર્ક વિઝન ઈન્ડિયા ફાઉન્ડેશન ના શૈલેશ પટેલ તમજ ગણેશભાઈ ચૌધરી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહાઠગ દિવ્યાંગ ગીરધર પરમાર ભિલોડા પોલીસના સંકજામા ,સીવણ ક્લાસના નામે ગરીબ મહિલાઓ સાથે ૧.૮૦ લાખની ઠગાઈ



અરવલ્લી બ્યુરો મોડાસા

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના માલપુર ગામના દિવ્યાંગ ગિરધર પરમારને જાણે ગરીબો અને વંચિતો માટે સરકાર દ્વારા ચૂકવાતી સહાય અને મહિલાઓને પગ ભર કરવા વિવિધ યોજનાઓના નામે લૂંટ કરવાની ફાવટ આવી ગઈ હોય તેમ શ્રી પાલન સેવા સંસ્થાના નામે ટ્રસ્ટ ઉભું કરી અગાઉ વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં ગરીબ લોકોને સહાય અપાવવાના નામે લાખ્ખો રૂપિયાની છેતરપીંડી કર્યા બાદ અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં રિષભ કોમ્પ્લેક્ષમાં સીવણ ક્લાસના નામે ઓફીસ ઉભી કરી ૧૦૦ થી વધુ ગરીબ અને વિધવા મહિલાઓને પગભર કરવાની અને સીવણ મશીન આપવાની લાલચ આપી મહિલા દીઠ ૩૦૦૦ રૂપિયાનું ઉઘરાણું કરી રફુચક્કર થઇ જતા ગરીબ મહિલાઓના માથે આભ તૂટી પડ્યું હતું થોડા દિવસો અગાઉ ભિલોડાના નઝમાબેન મન્સુરીએ ભિલોડા પોલીસ સ્ટેશને ગિરધર પરમાર સામે ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે ગીરધર પરમાર બરોડા જેલમા હોવાની માહિતી પ્રાપ્ત થતા ૧ ડિસેમ્બરે ટ્રાન્સફર વોરંટથી ભિલોડા લવાયો હતો અને કોર્ટમાં રજૂકર્તા આરોપીના ત્રણ દિવસના નામદાર કોર્ટે રિમાન્ડ મંજુર કરતા પોલીસે સઘન પૂછપરછ હાથધરી છે

દિવ્યાંગ ગીરધર પરમાર વાક્ચાતુર્યથી સરકારી સહાયના નામે લોકો સાથે ઠગાઈ કરવામાં ફાવટ...!! કઈ રીતે ગરીબ મહિલાઓને શિકાર બનાવી વાંચો

ભિલોડા નગરના રિષભ કોમ્પ્લેક્ષમાં દિવ્યાંગ ગિરધર પરમારે શ્રી પાલન સેવા સંસ્થાના બોર્ડના ઓથા હેઠળ સરકારી યોજનાના નામે સીવણ ક્લાસ ચાલુ કરી ત્રણ હજાર ફી રાખી મફત સીવણ મશીન અને રોજગારી આપવાની જાહેરાત કરતા ભિલોડા સહીત આજુબાજુના ગ્રામ્ય પંથકમાંથી સીવણ માટે ગરીબ અને જરૂરિયાત મંદ મહિલાઓએ પેટે પાંટા બાંધી ક્લાસ માટે ફી ભરી હતી ૧૧૦ જેટલી મહિલાઓએ ફી ભર્યા બાદ થોડો સમય સીવણ ક્લાસનો સમય પૂર્ણ થયા બાદ મહિલાઓએ મફત સીવણ મશીન અને સહાયની માંગ કરતા ગિરધર પરમાર ગલ્લા તલ્લાં કરતા અને ફી પરત કરવાના વાયદાઓ પર વાયદાઓ કર્યા બાદ અચાનક ઓફિસના તાળા મારી રફુચક્કર થઇ જતા મહિલાઓએ ત્રણ હજાર રૂપિયા અને ત્રણ મહિના સમય બરબાદ થતા મહિલાઓની હાલત દયનિય બની હતી આ શખ્શ અન્ય મળતીયાઓ સાથે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં મોટા પાયે સીવણ ક્લાસના નામે ગરીબ મહિલાઓને લૂંટી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

દિવ્યાંગ ગિરધર પરમાર તેના વાક્ચાતુર્યથી અનેક ગરીબ મહિલાઓ અને લોકો સાથે છેતરપિંડી કરી છે ભિલોડામાં સીવણ ક્લાસ માટે પ્રવેશ મેળવતી મહિલાઓ અને તેમના પરિવારજનોને અરવલ્લી જીલ્લા કલેકટરના હાથે ૨૦૦ સિલાઈ મશીન અપાવ્યા હોવાની શેખી મારતો હતો અને અન્ય સરકારી સહાય થકી ગરીબ લોકોને મદદ કરી હોવાની ગુલબાંગ હાંકતો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK